# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 11-12-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## SIRની કામગીરી લંબાવાઈ:

ચૂંટણી પંચે ગુજરાત સહિત 6 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે SIRની કામગીરી અંતર્ગત ગણતરીના તબક્કા અને ડ્રાફ્ટ યાદી પ્રસિદ્ધ કરવાની સમયમર્યાદા લંબાવી છે. ગત 27 ઓક્ટોબર 2025થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન ઝુંબેશનો ગણતરીનો તબક્કો હવે 14 ડિસેમ્બર સુધી ચાલશે. જ્યારે ડ્રાફ્ટ મતદારયાદી 19 ડિસેમ્બરના પ્રસિદ્ધ કરવામાં આવશે. ગુજરાત સહિત તમિલનાડુ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, આંદમાન-નિકોબાર, ઉત્તરપ્રદેશમાં પણ આ તબક્કાઓની સમયમર્યાદા વધારવામાં આવી છે. તદુપરાંત ચૂંટણીપંચે કોઈપણ યોગ્યતા ધરાવતો મતદાર આખરી મતદારયાદીમાંથી બાકાત ન રહે તે માટે ફોર્મ 6 ભરી, જરૂરી દસ્તાવેજો BLOને આપી શકશે.

-----------------------------------------------------------------------------------------

## 'દિવાળી' યુનેસ્કોની યાદીમાં સમાવેશ થતા ઉજવણી:

ભારતીય સંસ્કૃતિના સૌથી મોટા અને ભવ્ય પર્વ, 'દિવાળી'ને યુનેસ્કો દ્વારા તેની 'અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિષ્ઠિત સૂચિમાં સમાવિષ્ટ કરવામાં આવ્યું છે. આ ઉપલબ્ધિને વધાવવા ગઇકાલે રાજ્યના મહત્વના ઐતિહાસિક સ્મારકો તથા સાંસ્કૃતિક સ્થળોએ વિશેષ દીપ પ્રજ્વલન, રોશની સજાવટ અને રંગોળી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા કચ્છમાં માંડવી બીચ, ધોરડો, ધોળાવીરા, કચ્છ મ્યુઝિયમ, સ્મૃતિવન, ભુજ રામકુંડ ખાતે દિપ પ્રજવલન, રંગોળી, ગરબા રમીને વિશેષ દીપોત્સવની ઉજવણી કરાઇ હતી.

આ તકે સ્થાનિક કલાકારો અને સાંસ્કૃતિક સંસ્થાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો, નૃત્યો અને સંગીતની પ્રસ્તુતિઓ યોજાઇ હતી.

---------------------------------------------------------------------------------------------

## રાષ્ટ્રીય કુદરતી ખેતી મિશન તાલીમ:

ગુજરાત પ્રાકૃતિક ખેતી વિકાસ બોર્ડ અને 'આત્મા' ભુજના સહયોગથી રાષ્ટ્રીય કુદરતી ખેતી મિશન હેઠળ 16 દિવસના વિશેષ તાલીમ કાર્યક્રમનો ગઇકાલે પ્રારંભ કરાયો છે. કાઝરી સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે શરૂ થયેલી તાલીમના પ્રથમ દિવસે અંજાર વિસ્તારના 65 ખેડૂતે ભાગ લીધો હતો. આ તાલીમ કાર્યક્રમ આગામી 15 દિવસ સુધી ચાલુ રહેશે, જેમાં કુદરતી જીવાત અને રોગ વ્યવસ્થાપન, માટી આરોગ્ય વૃદ્ધિ અને કુદરતી ખેતી હેઠળ ક્ષેત્ર-સ્તરીય અમલીકરણ વ્યૂહરચના જેવા વિષયો આવરી લેવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------

## ગાંધીધામ બગીચાઓનું નવીનીકરણ:

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા શહેરના બગીચાના નવીનીકરણની કામગીરી શરૂ કરવામાં આવી છે. મહાનગરપાલિકાના કમિશ્નર મનિષ ગુરવાએ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું અને કામગીરી ત્વીરત પુરી કરવા સંબંધિતોને સૂચના આપી હતી. શિવાજી પાર્ગ, ટાગોર પાર્ક, કાલાણી પાર્ક, રાજેન્દ્ર પાર્કમાં નવીનીકરણની કામગીરી થઇ રહી છે જેના કારણે આ તમામ બગીચાઓમાં જાહેર જનતા માટે પ્રવેશ બંધી કરવામાં આવી છે. વધુમાં આદિપુરમાં નવો બગીચો બનાવવાની કામગીરી પણ શરૂ કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------

## ભુજમાં વાહન ચાલકો માટે જાગૃતિ કાર્યક્રમ:

ભુજ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા વાહનચાલકો માટે એક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં સુરક્ષિત વાહન ચલાવવા અને અકસ્માત નિવારણ જેવા મુદ્દાઓ પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં કાર, બાઇક અને રિક્ષાચાલકોને વાહનધારા અને નિયમન અંગે પ્રોજેક્ટર દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. નિયમોના પાલનથી થતા ફાયદા અને ભંગ કરવાથી થતા ગેરફાયદા વિશે વાકેફ કરાયા હતા.

---

## હવામાન:

વર્તમાન શિયાળાની સિઝનમાં આજે પ્રથમ વખત નલિયાનું લઘુત્તમ તાપમાન એકલ અંકમાં પહોંચ્યું છે. 9 ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે નલિયા રાજ્યના ઠંડા મથકોની યાદીમા મોખરે રહ્યું છે. આજે નલિયાવાસીઓએ કાતિલ ઠંડીનો અનુભવ કર્યો હતો. જિલ્લા મથક ભુજ અને પૂર્વ કચ્છમાં મિશ્ર ઋતુનો લોકો અનુભવ કરી રહ્યા છે. ભુજમાં આજે લઘુત્તમ તાપમાન 14.6 ડિગ્રી જ્યારે મહત્તમ તાપમાન 32.9 ડિગ્રી નોંધાયૂ છે. રાત્રી અને વહેલી સવારે ઠંડક બાદ દિવસના ભાગે વાતાવરણ ગરમ હુંફાળું રહ્યુ હતું.

---

## નારીશક્તિ મહિલા મંડળની ઉજવણી:

માધાપરના નારીશક્તિ મહિલા મંડળની સ્થાપનાને ત્રણ પૂર્ણ થતાં વાર્ષિક ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ગામની તમામ જ્ઞાતિની 300 જેટલી સભ્યપદ ધરાવતી બહેનો દ્વારા નારીશક્તિ, યોગ દિવસ, મહિલા દિવસ, નવરાત્રિ, સમર કેમ્પ, આનંદ મેળા, શિવ મહોત્સવ ઉપરાંત મોટિવેશન સ્પીચ, શરદોત્સવ, જીવદયા પ્રવૃત્તિ કરવામાં આવે છે. સંસ્થાના સ્થાપક તુષારીબેન વેકરિયાએ આ પ્રસંગે જણાવ્યું કે, દરેક બહેનોમાં કંઇ ને કંઇ આવડત હોય છે, તે

બીજાને કઇ રીતે ઉપયોગી બની શકે તે માટે એકબીજાના સંપર્કમાં રહી પરિવારની ભાવના સાથે મહિલા મંડળની સ્થાપના કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------

## મોટા કાંડાગર બહેનો માટે તાલીમ:

મુંદરા તાલુકાનાં મોટા કાંડાગરા ખાતે બહેનો માટે ડિજિટલ લિટરસી, ફાઇનાન્સ લિટરસીની તાલીમ અદાણી ફાઉન્ડેશન અને આઈસીઆઈસીઆઈ બેંક ફાઉન્ડેશન દ્વારા અપાઈ હતી. ગામની બહેનોને ડિજિટલ બેંકિંગ માર્ગદર્શન અને ઓનલાઇન સેવાના લાભ અને નુકસાનની માહિતી આપવામાં આવી હતી. વિશેષમાં અદાણી ફાઉન્ડેશન દ્વારા મોટા કાંડાગરા ગ્રામ પંચાયતને કોમ્પ્યુટર સેટ અને ડસ્ટબિન પણ આપવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------------------------------